## હૃદયને ગાતા ગીતો

### યે આંખે દેખકર




યે આંખે દેખકર હમ સારી દુનિયા ભુલ જાતે હૈ (2)
ઈન્હેં પાનેકી (2) ધૂન મેં હમ તમન્ના ભૂલ જાતે હૈ
તુમ અપની મહકી મહકી ઝુલ્ફે કે પેચોં કો કમ કર દો(2)
મુસાફરી ઈનમેં ઘિરકર અપના રસ્તા ભુલ જાતે, ભુલ જાતે હૈ
યે આંખે દેખ કર હમ સારી દુનિયા ભુલ જાતે હૈ
યે બાંહે જબ હમેં અપની પનાહોં મેં ભુલાતી હૈ (2)
હમેં અપની કસમ (2) હમ હર સહારા ભુલ જાતે હૈ
તુમ્હારે નર્મ-ઓ નાજુક હોંથ જિસ હમ મુસ્કરાતે હૈ (2)
બહારે ઝેંપતી હે ફુલ ખિલના ભુલ જાતે હૈ
બહુત કુછ તુમ સે કહેને કી તમન્ના દિલ મેં રખતે હૈ(2)
મગર જબ સામને આતે હે કહના ભુલ જાતે હૈ
મુહબ્બત મેં ઝૂબા ચૂપ હો તો આંખે બાત કરતી હૈ (2)
વો કહ દેતી હે સબ બાતેં જો કહના ભુલ જાતે હૈ
યે આંખે દેખ કર હમ સારી દુનિયા ભુલ જાતે હૈ (2)

**ગીત :** સાહિર લુધ્યાનવી **સ્વર:** લતા મંગેશકર, સુરેશ વાડકર **સંગીત:** હૃદયનાથ મંગેશકર **ફિલ્મ:** ધનવાન, **દિગ્દર્શન:** સુરેન્દ્ર મોહન, **વર્ષ:** 1981 **કળાકારો:** રાજેશ ખન્ના, રીનારોય, રાકેશ રોશન, અરૂણા ઈરાની, ઓમપ્રકાશ, શક્તિ કપૂર, મઝહરખાન, વિજેન્દ્ર ઘાટગે, રહેમાન, પિન્ચુ કપૂર, ચન્દ્ર શેખર.

આપણા ગીતોમાં 'આંખ' કેટલી કેટલી રીતે આવી છે. તેની એક લાંબી યાદી બનાવી શકાય. 'તેરી આંખો કે સિવા દુનિયા મેં રખા કયા હૈ, 'યે આંકે ઉફ યુ મા''ઉસ મુલ્કકી સરહદ કોઈ છૂ નહીં શકતા, જિસ મુલ્ક કી નિગેહબાન હે આંખે ઈન આંખો કી મસ્તી કે મસ્તાને હજારો હૈ'. 'આંખો આંખો મેં બાત હોને દો', 'તુમ્હારી આંખો કી નમકીન મસ્તીયા' 'આંખો હી આંખો મેં ઈશારા હો ગયા' 'સરબત તેરી આંખો કી ઝીલ સી ગહરાઈ મેં ડૂબ જાતા હું,' 'આંખો કી ગુસ્તાકિયાં માફ હો' 'સુરીલી અંખિયો વાલે સુના હે તેરી અંખિયો મેં, 'કત્થઈ આંખોવાલી એક લડકી', 'તેરે મસ્ત મસ્ત દો નેને' 'યે કાલી કાલી આંખે' 'આંખો મે તેરી અજીબસી અદાયેહૈ...' આંખોનું સૌંદર્ય તો જે અનુભવે તે જાણે અને આંખોમાં અનેક ભાવને પ્રદશિત કરવાની શક્તિ છે તે તો અનુપમ છે અહીં પણ એ જ વાત છે 'યે આંખે દેખ કર હમ સારી દુનિયા ભુલ જાતે હૈ, ઈન્હે પાનેકી ધૂન મેં હર તમન્ના. ભુલ જાતે હૈ...'હા એવી આંખો હોય છે જેને જોયા પછી આખી દુનિયા ભુલી જવાય. આંખોમાં સૌંદર્યનું તો કારણ ખરું પણ તેમાંથી વધુ તો એ આંખમાં પ્રગટતા ભાવોનું સૌંદર્ય આ સૌંદર્ય તમે પ્રેમમાં હો તો જે અને ત્યારે જ અનુભવાય. પણ પંકિત જયારે સાંભળો ત્યારે એ પણ સાંભળજો કે એક સ્ત્રી પોતાના ગમતા પુરુષ વેશે પુરુષની આંખો વિશે કહી રહી છે. આંખોની વાત હોય તો પુરુષની આંખ વિચારતી નથી પણ સાહિરે અહીં પુરુષને સંબોધતી સ્ત્રીના મુખમાં શબ્દો મુક્યા છે. તે તો આગળ વધી રહી છે. 'ઈન્હે પાને કે ધૂન મેં હર તમન્ના ભુલ જાતે હૈ! એ આંખોને એવી છે કે તેને પામવાની ધૂનમાં બીજી બધી જ તમન્ના, બધી જ ઈચ્છા ભુલી જવાય છે. આંખોનો આટલો મહિમા અને તે પણ પુરુષની આંખોનો મહિમા? સાહિર સાહેબને બધા પુરુષોએ થેન્કુયુ કહેવું જોઈએ. જો કે પુરુષની સમસ્યા બીજી છે તે ઉત્તરમાં ગાય છે. 'તુમ અપની મહકી મહકી ઝુલ્કી કે પે ચો કે કમ કર દો, મુસાફીર ઈન મેં ધીરકર અપના રસ્તા ભુલ જાતે હૈ.. 'ઓ ડિયર તુ તારા સુગંધ લહેરાવતા વાળાનાં ધુમરાવને જરા ઓછા કર. મુસાફરો તેમાં ઘેરાયને પોતાનો રસ્તો ભુલી જાય છે. ચાહવામાં તો આવું જ હોય. પ્રેમીઓ એકબીજાનાં પ્રેમને આ રીતે જ વ્યક્ત કરે.

અહીં દરેક પંકિતમાં ભુલી જવાની વાત છે. અને એ ભુલવું એવું છે કે જે કાયમનું સ્મરણ બની જાય. 'યે બાંહે જબ હમેં અપની પનાહોંમે બુલાતી હૈ, હમેં અપની કસમ હમ હર સહારા ભુલ જાતે હૈ.... ' આ તારો આલિંગન તેડતા હાથ જયારે તારામાં તેડે છે. ત્યારે અમે અમારા જ સોગંધ ખાયને કહીએ છીએ કે બીજા બધા જ સહારા, બધા જ આધાર ભુલી જઈએ છીએ. બસ, તારો આધાર જ જાણે બધા આધાર સમો છે. હવે અન્ય કોઈ નહીં માત્ર તું.

પણ અહીં તો પ્રેમી યુગલની જુગલબંધી થઈ છે. એટલે પુરુષ કહે છે 'તુમ્હારે નર્મ-ઓ-નાજુક હોથ જિસ દમ મુસ્કારાતે હૈ, બહારે ઝંપતી હૈ ફૂલ ખિલના ભુલ જાતે હૈ! પ્રથમ આંખ પછી વાળ પછી આલિંગન માટે તેડતા હાથોને હવે હોથ, તારા નરમ ને નાજુક હોથ જે ક્ષણે સ્મિત કરે છે ત્યારે વસંત શરમાય જાય છે. લજ્જાની અનુભવે છે અને ફુલો ખીલવવાનું ભૂલી જાય છે.

પ્રેમીઓ કેવી કેવી કલ્પના કરે અને કઈ કઈ રીતે પ્રશંસા કરે તે પ્રેમીઓનું બહુ અંગત હોય છે. પણ બધુ કહ્યા પછી પણ ઘણુ કહેવાનું રહી ગયું છે. તેવું તેમને હંમેશ થતું હોય છે. 'બહુત કુછ તુમશે કહેને કી તમન્ના દિલ મેં રખતે હૈ, મગર જબ સામને આતે હે કહના ભુલ જાતે હૈ. આ અનુભવ તો દરેક પ્રેમીનો હસે કે બહુ બધુ કહેવાની ઈચ્છા હોય પણ સામે આવે ત્યારે યાદ જ ન આવે કે શું કહેવું હતું. બસ, સાથે હોવામાંથી જ ફુરસદ ન મળે તો શું કહેવું ? પણ પ્રેમી તેનો ઉકેલ કરે છે. 'મુહબ્બત મેં જૂબાં ચૂપ હોય તો આંખે બાત કરતી હૈ,વો કહ દેતી હે સબ બાતેં જો કહની ભુલ જાતે હૈ. પ્રેમમાં જયારે જીભ ચૂપ રહે તો આંખો બોલતી હોય છે.તે એ બધુ જ કહી દે છે જે વાત કહેવાનું ભુલી જવાય છે. ગીતનો આરંભ આંખથી જ શરૂ થયો હતો. એ આંખ કે જેને આખી દુનિયા ભુલી જવાય છે અને છેલ્લા એ જ આંખો છે જે બહુ કહી દે છે. આંખથી ખોવાય જવાનું અને આંખથી જ મળવાનું. સાહિર સાહેબને કમાલ કરતાં આવડતી હતી. લતાજીના નાનાભાઈ હૃદયનાથ મંગેશકરે લતાજી અને સુરેશ વાડકર પાસે ખૂબ સરસ રીતે ભાવથી સૂક્ષ્મતા અને મસ્તી પ્રગટ થાય એ રીતે ગવડાવ્યું છે પણ આ તો ગીત વિશે વાત થઈ પહેલા ગીત તો સાંભળો.




# આસિત સેન જેવી કોમેડી પછી કોઇએ નથી કરી

આસિત સેનને તમે ફકત કોમેડીયન નહીં કહી શકો કારણ કે તેમનામાં ભોળપણ સાથે લાગણીમય કૌટુંબિકતા પણ જોડાયેલી હતી. તેમને જોઈને જ થાય કે આ માણસને તો બધું સારું જ થશે, બહુ ચિંતા કરવાની જરૂર નથી. તેઓ બંગાળી હતા અને શરીરે જાડા હતા. તેમના સમયે જાડા હોવું જાણે કોમેડીનું સૂચક હતું. જાડા હોયને હીરો હોય તેવા માસ્તર શમ્મી કપૂર જ હતા. આસિત સેન આગ્રા પાસે ગોરખપુરમાં જન્મેલા એટલે હિન્દી ખૂબ સારી હતી પણ તેમણે કયારેય લાંબા લાંબા ડાયલોગ બોલવાનાં આવ્યા નથી. તેમની ડાયલોગ બોલવાની શૈલી ધીમી હતી. આ ધીમું બોલવું જ તેમને ખાસ બનાવતું હતું.

આસિત સેનનું નામ પડે એટલે ઘણા ગુંચવાય જાય છે કે કયા આસિત સેન? દિગ્દર્શક કે અભિનેતા? પણ દિગ્દર્શક આસિત સેન તો 1922માં જન્મેલા જ્યારે અભિનેતા આસિત સેન 1917માં જન્મ્યા છે. દિગ્દર્શક આસિત સેને હિન્દીમાં મમતા, અનોખી રાત, ખામોશી,



મા ઔર મમતા, સફર, શરાફત, અનોખા દાન, અન્નદાતા, અનાડી, વકીલ બાબુ અને મહેંદી જેવી ફિલ્મોનું દિગ્દર્શન કર્યું છે. તેમની પુણ્યતિથી હમણાં 25 ઓગસ્ટે ગઈ. અભિનેતા આશિત સેનની પુણ્યતિથિ સપ્ટેમ્બરમાં છે. તેમની શરૂઆત હેમંત કુમારની ફિલ્મ 'કોહરા' (1964)થી થયેલી. એ ફિલ્મ પછી તરત 'મમતા' અને 'તીસરી કસમ'માં દેખાયા. આ ત્રણે ફિલ્મો બંગાળી દિગ્દર્શકે બનાવી હતી. પણ તેમણે બંગાળી ફિલ્મોમાં ખાસ કામ કર્યું નથી. તેમની પહેલી ફિલ્મ એક ટુકું છોન લાગે' જો કે બંગાળી હતી અને તેમાં પણ બિશ્વજીત જ હીરો હતા પણ તેમની બીજી જ ફિલ્મ દિગ્દર્શક તરીકેની 'ચલાચલ' હતી જેમાં અનિલ ચેટરજી અને અરુંધતી દેવીની મુખ્યભૂમિકા હતી. તે પછી તેમણે 'અપરાધી કૌન'નું દિગ્દર્શન કરેલું જેમાં માલાસિંહા, અભિ ભટ્ટાચાર્ય, ગજાનન જાગીરદાર અને પોલ મહેન્દ્ર, કમ્મો હતા. તેઓ દિગ્દર્શક તરીકે વધુ ફિલ્મો બનાવી શકયા હોત પણ બિમલ દાની 'પરખ', અરવિંદ સેન દિગ્દર્શીત જાલ સાઝ પછી બીસ સાલ બાદમાં ગોપીચંદ જાસૂસની જે ભૂમિકા કરી તે લોકોને ગમી મહેમુદે 'ભૂત બંગલામાં ધમુની ભૂમિકા આપી અને મમતાનાં મહાદેવ પ્રસાદ તરીકેની ભૂમિકા પણ લોકોને ગમી. તેમને થયું કે દિગ્દર્શન છોડો, અભિનયનું આટલું કામ મળે છે તો તે કરો. 'લવ ઈન ટોકયો'માં પ્રમોદ ચક્રવર્તીએ ચેટરજીને તો 'શાર્ગીદ'માં સમીર ગાંગુલીએ નારાયણની ભૂમિકા આપી. આસિત સેનને તો થયું હું કોલકાતામાં જ છું કારણ કે અહીં મુંબઈમાં ઘણા બધા બંગાળી દિગ્દર્શકો કામ કરતા હતા. તેમનું કામ આગળ વધતું ગયું.

**વો જબ યાદ આયે**

રાજેશ ખન્નાની શરૂઆતની ફિલ્મ 'રાઝ'માં બંસી અને શમ્મીકપૂરની 'બ્રહ્મચારી'માં લેન્ડલોર્ડની ભૂમિકા મળે. શક્તિ શામંતે 'આરાધનામાં સીતારામની ભૂમિકા આપી ત્યાં સુધીમાં તો તેમની લાક્ષણિક શૈલી બંધાય ચુકી હતી. રાજેશ ખન્નાની ઘણી ફિલ્મોમાં તેઓ નિયમિત પણે દેખાયા છે. ચાહે દોરાસ્તે', ડોલી, મર્યાદા કે આનંદ હોય. તેમને સામાન્ય માણસની, ઘરનોકરની યા ભોળા પોલીસની ભૂમિકાઓ ખૂબ મળી. કબ કયું ઔર કહાં મેં કોન્સ્ટેબલ હનુમાન પ્રસાદ જેવી જ ભૂમિકા 'મેરા ગાંવ મેરા દેશ'નીય છે. ઋષિકેશ મુખરજી પણ આસિત સેનનાં આગ્રહી હતા એટલે આનંદમાં ચંદ્રનાથ અને મુરાલીલાલ નંબર એકની ભૂમિકા પછી બુઢ્ઢા મીલ ગયામાં પણ ભૂમિકા આપી. પણ અમિતાભની રાસ્તે કા પત્થર, એક નજર, બરસાત કી એક રાતમાં પણતેમની ભૂમિકા છે. આસિત સેનની ભૂમિકા બહુ લાંબી ન હોય અને ગંભીર પણ ન હોય. પણ હાજરી માત્રથી ફિલ્મમાં એક પ્રેમાળ માણસ હસી રહ્યો છે તેવો અનુભવ થતો.આસિત સેનનાં સમયમાં જોની વોકર, મહેમુદ, ઓમપ્રકાશ, જગદીપ આઈ.એસ. જોહર સહિત જે કોમેડીયનો હતા તે બધાની પોતાની સ્ટાઈલ હતી અને આસિત સેનની સ્ટાઈ એવી હતી કે જેની કોપી કોઈ ન કરી શકે. તેમના કેટલાક ડાયલોગ પણ મશહુર થયેલા જેમ કે 'ભેંસ પૂછ ઉઠાયેલી તો ગોબર હી કરેંગી, ગાના તો નહીં ગાયેગી.' હકીકતે તેમના ઘરે બચપણમાં એક નોકર એકદમ ધીમે બોલતો હતો 'કા હો બાબુ, કા કરત હો.' તેમણે આ સ્ટાઈલ પકડી લીધી. બિમલ રોયે તેમને 'સુજાતા'માં પ્રોફેસરની ભૂમિકા આપેલી તેમાં પણ આ સ્ટાઈલ હતી. આસિત સેનનાં પિતાની ક્યારેક રેડિયો, ક્યારેક ગ્રામોફોન, ક્યારેક વીજળીનો સામાન વેચવાની દુકાન હતી. આસિત સેનને મૂળ ફોગ્રાફીનો શોખ હતો અને ગોરખપુરમાં સેન ફોટોસ્ટુડિયો પણ શરૂ કરેલો.

કોલકાતા પછી મુંબઈ આવ્યા તે સ્ટિલ ફોટોગ્રાફર તરીકે જ આવ્યા હતા અને પછી બિમલ રોયના સહાયક બની ગયેલા. બિમલ રોયની દો બીઘાં જમીન, પરિણીતા, બિરાજ બહુ અને દેવદાસ પછી પરિવારનું દિગ્દર્શન સોંપ્યું અને પછી અપરાધી કૌનનું દિગ્દર્શન પણ કર્યું. એ વખતે 'છોટાભાઈ'માં તેમણે પહેલીવાર બુધ્ધુ નોકરની ભૂમિકા કરવાની આવી અને બસ, અનેક ફિલ્મોમાં નોકર બની ગયા. અઢીસો જેટલી ફિલ્મોમાં કામ કરનારા આસિત સેનનાં લગ્ન કોલકાતાની રહેનારી મુકુલ સાથે થયેલા અને લગ્નથી જે ત્રણ સંતાનો થયા તે અભિજીત, સુજીત અને દિગરી રૂપા. અભિજીત પછી દુલાલ ગુહાનો આસિસ્ટન્ટ થયો અને બંગાળી ફિલ્મોનો દિગ્દર્શક બન્યો.

1993માં આસિત સેને પત્ની ગુમાવ્યા પછી એટલા તૂટી ગયા કે એ જ વર્ષે 18મી સપ્ટેમ્બરે તેમનું મૃત્યું થયું. આસિત સેન કદાચ નવી ફિલ્મો જોનારોઓને યાદ ન હશે પણ જેમણે તેમને જોયા છે તે ભુલ્યા નથી. ●



# નીતુસીંઘનાં ડબલરોલથી ડબલ મઝા આપતી 'દો કલિયા'

જુડવાની કહાણીમાં લોકોને હંમેશા રસ પડયો છે. અને એટલે જ ફિલ્મકારો તેવી કહાણી પર વારંવાર ફિલ્મ બનાવતાં રહ્યાં છે. 'દો કલિયાં' ફિલ્મમાં જોડકાં દિકરી કેન્દ્રમાં છે. નીતુ સીંઘ હીરોઈન તરીકે જામી તે પહેલાં આ ફિલ્મથી લોકોનાં હૃદયમાં વસી ગયેલી. નીતુસીંઘ આ ફિલ્મમાં ગંગા અને જમુનાની ભૂમિકા ભજવેલી. માતા અને પિતા વચ્ચે બનતું નથી અને તે કારણે જન્મતાંની સાથે ગંગા અને જમુના જુદા પડી જાય છે. પૈસાદાર અને જરા ઘમંડી કિરણ શેખર નામના મધ્યમવર્ગમાંથી આવતાં કોલેજ સ્ટુડન્ડને મળે છે. શરૂમાં તો બંને વચ્ચે ઘણાં ઝગડા ને ગેરસમજ થાય છે.પણ પછી પ્રેમમાં પડે છે. 1970--80ની ફિલ્મોમાં પ્રેમ થવા પહેલાં આવું બધુ થવું કાયમી હતું. ખેર, પછી તેઓ પરણવાનું નક્કી કરે છે. અને શેખર તેની પ્રિયતમાની ડોમિનેટીંગ મમ્મીને મળે ચે. ઘરમાં તેનું જ રાજ ચાલે છે. જયારે કિરણના પિતા નમ્ર છે. શેખરે કિરણની મમ્મીની પરીક્ષામાંથી સફળતાપૂર્વક પાર ઉતરે છે લગ્ન પછી શેખર ઘરજમાઈ બને છે. પણ તેને સમજાય છે કે તેનું સ્થાન તો ઘરનાં નોકર જેટલું ય નથી. તે વિદ્રોહ કરે છે ને કહે છે કે મારે ઘરમાં નથી રહેવું તે કિરણને પણ કહે છે પરંતુ કિરણ કહે છે કે ધીરજ રાખ અને આ દરમ્યાન તે જોડકાં દિકરીને જન્મ આપે છે. શેખર હજુ પણ માને છે કે આ ઘરમાં ન રહેવું જ યોગ્ય છે પણ કિરણ હજુ તે માટે તૈયાર નથી. બંને છૂટા પડી જાય છે. અને ત્યારે દિકરીને પણ જૂદા પડવાનું આવે છે.

**મુવી ટાઇમ**

સંજોગો ફરી એ ગંગા અને જમુનાને સ્કુલમાં ભેગા કરી દે છે અને તે બંને નક્કી કરે છે કે એકબીજાની જગ્યાએ રહેશે. અને મા-બાપને ભેગા કરશે અને આખર તે બંને પોતાની યોજનામાં સફળ જાય છ `. શેખરની ભૂમિકામાં વિશ્વજીત અને કિરણની ભૂમિકામાં માલાસિંહા હતી. કિરણની મા તરીકે નિગાર સુલતાન અને પિતા તરીકે ઓમપ્રકાશ હતા. મહેમુદ તો એ સમયની ફિલ્મોમાં અત્યંત અનિવાર્ય હતા અને તેઓ પોતાનાં પાત્રનું નામ હંમેશ મહેશ રાખવાનાં આગ્રહી હતા તેમ આ ફિલ્મમાં પણ મહેશ છે.

'દો કલીયાં' ફિલ્મ એવી એમ પ્રોડકશન્સની હતી તમિલ ફિલ્મ 'કુઝાદીયુમ દૈવામુન' (1965) ની રિમેક હતી અને એ ફિલ્મ મૂળ અમેરિકન ફિલ્મ 'ધ પેરન્ટ ટ્રેપ' (1961)ના આધારે બની હતી. તમિલ ફિલ્મનું દિગ્દર્શન કિષ્નન-મંજુએ કરેલું અને હિન્દીમાં પણ તેઓ જ દિગ્દર્શક હતા. તમિલમાં કુટ્ટી પદ્મિનીએ જોડકાની ભૂમિકા કરેલી અને તે જ હિન્દીમાં પણ કામ કરવાની હતી પણ પછી પદ્મિની અને એવીએમ વચ્ચે ખટપટ થઈ એટલે નીતુસીંઘ નક્કી કરાયેલી. તે 'સુરજ' ફિલ્મમાં આવી ચુકી હતી. 'દો કલિયાં' પહેલાં તે 'દશલાખ'માં પણ આવી હતી અને ત્યારે બેબી સોનિયા નામે તે કામ કરતી. કિષ્નન-પંજુ 'બરખા', 'ભાભી' 'બિંદીયા' 'મેં સુંદર હું' 'મનમોજી' 'લાડલા' (1966) 'શાદી' શાનદાર જેવી હિન્દી ફિલ્મોના દિગ્દર્શક તરીકે પણ જાણીતા છે. ' 'દો કલીયા' ફિલ્મનાં ગીતો સાહિર લુધ્યાનવીનાં છે અને સંગીતકાર રવિ હતા. 'તુમ્હારી નજર કયું ખફા હો ગઈ' (લતા મંગેશકર- મોહમ્મદ રફી) 'યે સમા, યે ઋતુ યે નજારે'(લતા-રફી), બચ્ચે મનકે સચ્ચે (લતા મંગેશકર), મુર્ગા-મુર્ગી પ્યાર સે દેખે (લતાજી) ચિતનંદન આકે નાચુંગી (આશા ભોંસલે) 'સજના ઓ સજના, ઐસે મેં જીના જલા (આશા ભોંસલે) અને 'મુસ્લિમ કો તસ્લીમ અર્ઝ હૈ, હિન્દુ કો પ્રણામ' (મન્નાડે) જેવા ગીતો આ ફિલ્મમાં હતા. અને તેમાંથી 'તુમ્હારી નજર કયું ખફા હો ગઈ' અને બચ્ચે મન કે સચ્ચે' તો આજે પણ લોકપ્રિય છે.

1968માં જ 'આંખે 'નીલકમલ' 'કન્યાદાન' 'શિકાર', 'પડોશન', 'બ્રહ્માચારી', 'આદમી', 'હસીન માન જાયેગી', ' દુનિયા', 'સાથી', 'સંઘર્ષ', ' મેરે હમદમ મેરે દોસ્સ', 'ઝુક ગયા આસમાન', 'ઈજ્જત,' 'મેરે હજૂર','કિસ્મત', 'સાધુ ઓર શૈતાન', 'ગૌરી',ફિલ્મ રજૂ થયેલી. 'આશીર્વાદ' પણ આ વર્ષથી જ ફિલ્મ છે અને 'અનોખી રાતે' પણ આ વર્ષે રજૂ થયેલી. તે વર્ષે કમાણીમાં સૌથી સફળ 'આંખે રહેલી જેમાં ધમેન્દ્ર સાથે માલાસિંહા છે અને બીજા ક્રમે 'દો કલીયાં' રહેલી જેમાં પણ વિશ્વજીત સાથે માલાસિંહા છે. જો કે આખી ફિલ્મ તો નીતુસીંધને કારણે જ ખાસ બની છે. ●

# 'શોલે', 'સાગર'નાં નિર્માતા જી.પી.સીપ્પી દેશના ભાગલા વખતે મુંબઇ આવી ગયેલા

જી.પી.સીપ્પીને ફિલ્મ ચાહકો 'શોલે'ના નિર્માતા અને રમેશ સીપ્પીના પિતા તરીકે ઓળખે છે પણ આ ઓળખ બહુ અપૂરતી છે. 14 સપ્ટેમ્બર, 1914માં જન્મેલા ગોપાલદાસ પરમાનંદ સિપાહીમલાનીએ જી.પી.સપ્પી તરીકે જ ઓળખ બનાવી. અવિભાજીત ભારતના સિંધમાં જન્મેલા જી.પી.સીપ્પીનું કુટુંબ વેપારમાં હતું અને 'સિપાહીમલાની' પણ તેમને ધંધા-વેપારને કારણે મળેલી ઓળખ જ છે. દેશના ભાગલા પડ્યા અને તેમણે ભારત આવી જવું પડયું. જી.પી.સીપ્પી તો વકીલાતનું ભણેલા હતા. પણ વેપાર-ધંધો તો લોહીમાં હતો. મુંબઈમાં તેમની ઘણી પ્રોપર્ટી હતી. તેમણે બિલ્ડર અને પ્રોપર્ટી ડેવલોપર તરીકે જ મુંબઈમાં જમાવવું હતું. ચર્ચગેટ, કોલાબામાં તેમણે અનેક બિલ્ડિંગો બનાવીને વેચી. એ દરમ્યાન તેમનો પરિચય એક મુસ્લિમ બિલ્ડર સાથે થયો જે ફિલ્મવાળાઓને નાણાં ધીરવાનું કામ કરતા હતા. તેમને થયું કે હું પણ ફિલ્મ બનાવું અને દેવઆનંદ, નીમ્મી, શ્યામા, એ.એન.સીંઘને લઈ 'સજા' બનાવી જેનું દિગ્દર્શન ફલી મિસ્ત્રીને કર્યું. 1951માં રિલીઝ થયેલી આ ફિલ્મ સફળ રહી અને જી.પી.સીપ્પીની કારકિર્દી હવે ફિલ્મક્ષેત્રે શરૂ થઈ ગઈ 1953માં અમિયા ચક્રવર્તીના દિગ્દર્શનમાં 'શહેનશાહ' બનાવી અને પછી ગુરુદત્ત, વહીદા રહેમાનને લઈ '12 ઓ કલાકે' બનાવી. સિંધી માણસ એટલે જે કામમાં પડે તે પૂરું કરે. તેમણે




1955માં 'મરીન ડ્રાઈવ' ફિલ્મથી દિગ્દર્શન શરૂ કર્યું અને પછી 'અદી-એ-જહાંગીર', 'શ્રીમતિ 420', 'લાઈટ હાઉસ', 'ભાઈ બહેન', 'મિ. ઈન્ડિયા' (1961) બનાવી. 'મેરે સનમ' અને રાજેશખન્નાની શરૂની ફિલ્મ 'બંધન'નાં નિર્માતા પણ જી.પી. સીપ્પી હતા. 'બ્રહ્મચારી' ફિલ્મ બનાવી ત્યારે દિકરો રમેશ સીપ્પી આસિસ્ટન્ટ હતો અને 1971માં તેમના દિગ્દર્શનમાં 'અંદાઝ' બનાવી. હવે બાપ-દિકરાની જોડી જમવા માંડી. 'સીતા ઔર ગીતા', 'શોલે' પછી તો તેઓ છવાઈ ગયા. 'શોલે' વખતે 'મજબૂર'ની ય પટકથા હતી પણ રમેશ સીપ્પીને કહ્યું કે તું 'શોલે' જ બનાવ. બજેટની ફિકર નહીં કરતો અને ખરેખર જ એક કલાસિકસ-કમર્શીયલ ફિલ્મ બની ગઈ. એ ફિલ્મ પછી 'તૃષ્ણા', 'શાન', 'સાગર', 'ભ્રષ્ટાચાર' બનાવી અને સલમાન ખાનને તક આપનારી 'પત્થર કે ફુલ' બનાવી. જેમાં રવિના ટંડન પહેલીવાર ફિલ્મમાં આવી.

**કિસ્સા કહાની કા**

શાહરૂખને તેમણે 'રાજુ બન ગયા જેન્ટલમેન'માં તક આપી. 'આતિશ'માં સંજય દત્ત, રવિના ટંડન હતા. 'જમાના દીવાના'નું દિગ્દર્શન ફરી રમેશ સીપ્પીને કર્યું તેમાં રવિના સાથે શાહરૂખ છે. છેલ્લે તેમણે 'હમેંશા' બનાવી.

રમેશ સીપ્પી રેસના ઘોડા પણ રાખતા અને એક ઘોડાનું નામ તેમણે પોતાની ફિલ્મ 'વો કૌન થી' પરથી રાખેલું. જી.પી.સીપ્પીને આમ તો ચાર



દિકરા પણ રમેશ સીપ્પી મોટા દિગ્દર્શક બન્યા. પોતાને ભાગલાનો અનુભવ એટલે 'બુનિયાદ' જેવી યાદગાર ટી.વી. સિરીયલ પણ બનાવી. જી.પી. સીપ્પીના ત્રીજા ક્રમના દિકરાનું નામ વિજય હતું. જે ફિલ્મોમાં જ પ્રવૃત હતા પણ 1998માં તેનું અવસાન બાલ્કની પરથી પડી જવાથી થયેલું. ઘણા કહે છે કે 'હંમેશા' ફિલ્મ નિષ્ફળ જતાં તેણે આપઘાત કરેલો. જી.પી.સીપ્પી 2007માં 93 વર્ષની વયે મૃત્યુ પામ્યા પણ 'સીતા ઔર ગીતા', 'શોલે' જેવી ઘણી ફિલ્મો માટે યાદ કરાશે. ●